# એક ઊર્મિભર્યું પ્રવાસવર્ણન ડૉ. લવકુમાર દેસાઈ

[**લાગણીનો દસ્તાવેજ** : ડૉ. પ્રતાપ પંડ્યા, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ-૧, પ્રથમ આવૃત્તિ ૨૦૦૫, કિં. રૂ. ૧૦૦/-]

આજીવન શિક્ષક, કેલવણીકાર અને સમાજસેવક એવા પ્રતાપભાઈ પંડ્યાએ અનેક સંઘર્ષોમાંથી પસાર થઈ ચારે સંતાનોને ઉચ્ચશિક્ષણ આપ્યું. તેમાંથી મનીષા અને ગૌરાંગ સ્વબળે અમેરિકામાં ઉચ્ચપદે પહોંચ્યાં. બંને સંતાનોએ આગ્રહ કરીને માત-પિતાને વિદેશયાત્રાએ બોલાવ્યાં. ૬૧ વર્ષની ઉંમરે પ્રતાપભાઈની આંખોમાં વિસ્મયનો ભાવ જળવાયો છે. તેનો નિખાલસ એકરાર આમ કર્યો છે :

'અમે તો અડતાલા અને તરવડા વચ્ચે જ જિંદગી પસાર કરી છે, અને અણસમજથી સમજણ સુધીની યાત્રા કરી છે. એટલે અમે અમેરિકાનાં શહેરો, સમુદ્ર, પ્રકૃતિ અને માનવસર્જિત આશ્ચર્યોથી આનંદિત થયાં છીએ, એક નાના બાળકની આંખોમાં રહેલ આશ્ચર્યની જેમ.' (પૃ. ૧૬૪) એટલે લેખકે જીવનકિતાબનાં અને માણ્યું તેનું સ્મરણનાં પાનાં ઉકેલ્યાં છે.

૩૦ પ્રકરણમાં અમેરિકાયાત્રાનો દસ્તાવેજ છે. લેખકે રસળતી પત્રશૈલીમાં આલેખન કર્યું હોવાથી આસ્વાદ્ય બન્યો છે. અમેરિકન અને ભારતીય સંસ્કૃતિના તુલનાત્મક સંદર્ભો પ્રગટાવ્યા છે. રમણીય શહેર સૉલ્ટલેક સીટીમાં આવેલ ગંદું, ખારું, બિનઉપયોગી તળાવની વાત કરતાં તેઓ મહાભારતના શાપિત સરોવર અને યક્ષપ્રશ્નની કથાને સાંકળે છે; કે બે વિશાળ પર્વતોને તોડીફોડી અમેરિકાએ જલસંપન્ન નદીને વળાંક આપી ખેતીમાં પરિવર્તન આણ્યું તે જોઈ લેખક ભગીરથની વાત છેડે છે.

બાળકોમાં અતિપ્રચલિત એવી એનિમેશન અને ડિજિટલ ફિલ્મોની વાત લેખક આ રીતે મૂકે છે : 'આપણે ત્યાં જીવરામ જોષીએ બાળકોને મિયાં ફૂસકી, છકો-મકો, છેલ અને છબો જેવાં ચિરંજીવ પાત્રો દ્વારા વાર્તાઓ આપી... એવાં ચિરંજીવ પાત્રો લઈને આવે છે વૉલ્ટ ડિઝની. ડોનાલ્ડ ડગ, મીકી માઉસ જેવાં પાત્રો સાથેની કાર્ટૂન ફિલ્મો.' (પૃ. ૧૪૮)

પાશ્ચાત્ય રીતરિવાજો અને શિષ્ટાચારથી ક્યારેક લેખક હેબતાઈ જાય છે ત્યારે તેનું વર્ણન રમૂજી શૈલીમાં કરે છે. તેમાં રમ્ય ગદ્યછટાઓ નિખરી ઊઠે છે.

(૧) લોસ એન્જેલસ પાસે આવેલો શ્રીમંતોને જ પોસાય એવો વૈભવી વિસ્તાર બેવર્લી હિલ્સ અનેક રંગીન સુવિધાઓથી સમૃદ્ધ બનેલો છે. નવાઈની વાત એ છે કે બેવર્લી હિલ્સમાં એક પણ સ્મશાનગૃહ કે હૉસ્પિટલ નથી. એથી જ તો આપણે આ સ્થળની સ્વર્ગની કલ્પના કરવી જ રહી. સ્વર્ગમાં પણ કોઈ વૃદ્ધ થતું નથી, મરતું નથી.' (પૃ. ૧૨૮)

'લાગણીનો દસ્તાવેજ'માં પુત્ર-પુત્રી જ્યાં જ્યાં પરિભ્રમણ કરવા માટે લઈ ગયાં તે સ્થળોનું વિગતે વર્ણન છે. તેમાં સોલ્ટલેક સીટી, મેલબોર્ન, લોસ એન્જેલસ અને આસપાસનાં પ્રાકૃતિક સ્થળો, સિલિકોન વેલી, બેવર્લી હિલ્સ વગેરેનાં વર્ણનો કર્યાં છે. તેમાં સૌંદર્યવર્ણન ઓછું છે પરંતુ અમેરિકન સંસ્કૃતિ, તેની શિક્ષણપદ્ધતિ, અર્થતંત્ર વિશે વિશેષ વિગતો આપવામાં આવી છે. પુષ્કળ સામગ્રી સાંપડી હોવાથી અનેક પ્રકારની જ્ઞાનવર્ધક માહિતી રજૂ કરી છે. (દા.ત. કેનેડી સ્પેસ સેન્ટર, અવકાશયાત્રીઓ, ભારતીય સાહસિકો.) જોકે અતિ લખાણથી થયેલ આલેખન આ પ્રવાસવર્ણનની મર્યાદા છે.

પ્રતાપભાઈ પંડ્યાએ અમેરિકામાં ચાલતાં 'ડે સેન્ટર્સ' વિશે અને સરકાર તરફથી ત્યાંના સિનિયર સિટિઝનને મળતી સુવિધાઓની વિગતે વાત કરી છે. આ સંદર્ભે ભારતમાં વૃદ્ધો કેવી લાચારી અને એકલતામાં જીવે છે તેનો તુલનાત્મક સંદર્ભ પણ યોગ્ય રીતે ઉપસાવ્યો છે.

ડૉ. પ્રતાપભાઈએ પ્રવાસકથાને 'લાગણીનો દસ્તાવેજ' જેવું ઊર્મિસભર શીર્ષક આપ્યું છે, તે પુસ્તકમાંથી પસાર થતાં યથાયોગ્ય લાગે છે. ભારતમાં રહેલી દીકરીને પત્રો દ્વારા પ્રવાસનો દસ્તાવેજ પાઠવ્યો છે. અમેરિકામાં વસતાં સંતાનોની કારકિર્દીના વિકાસની માતપિતાના હૈયે તૃપ્તિ છે તેની લાગણીને લેખકે યથાતથ સ્વરૂપે નિરૂપી છે. સાવ ગરીબ શિક્ષક દંપતીનાં સંતાનો અમેરિકામાં પણ ભારતીય અસ્મિતાને જાળવતાં જોઈ તેઓ ગદ્ગદિત થઈ ઊઠે છે તેમાંય ફૂલના ગજરા જેવી મનીષા ત્રણેક વર્ષની થઈ ને પોલિયોગ્રસ્ત બની, અપંગ બની. પરંતુ પુરુષાર્થ અને પ્રતિભાને બળે અનેક સિદ્ધિઓ મેળવી, અમેરિકાની નાસા જેવી વિશ્વવિખ્યાત સંસ્થામાં રિસર્ચ એન્જિનિયર તરીકે ગૌરવભેર સેવા આપી રહી છે. તેની વાત કરતાં પિતાનું હૈયું આમ પ્રગટ થાય છે.

'ગામડામાં ઊછરેલી અને ગુજરાતી માધ્યમમાં શિક્ષણ પ્રાપ્ત કરેલી અમારી અપંગ દીકરી યુ.એસ.એ.ના નાસામાં એની આગવી બુદ્ધિપ્રતિભાથી આટલું મોટું ગજું કાઢી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે, છતાં પણ દેશપ્રેમ, નમ્રતા અને માતૃભાષા ગુજરાતી પ્રત્યે વિશેષ પ્રેમ રાખે છે તે ધન્યવાદને પાત્ર જ ગણાય. અમે તો માત્ર સાંભળ્યું જ હતું, પણ નજરે જોયું ત્યારે ખરેખર અમારી આંખમાં હર્ષનાં આંસુ નીતરી રહ્યાં હતાં.' (પૃ. ૭૨)

વડીલ તરીકે લેખકનું લાગણીસભર હૈયું સ્વદેશ અને વિદેશની વચ્ચે સતત ઝૂલતું રહ્યું છે. હોલિવુડનો એનિમેશન અને ડિજિટલ ફિલ્મો બનાવતો વિરાટ સ્ટુડિયો અને અદ્ભુત જુરાસિક પાર્કની મુલાકાત વખતે દાદાદાદીને ભારત વસતાં પૌત્ર-પૌત્રીઓની તરત યાદ આવે છે. તેઓ પત્રમાં લખે છે : 'ખરેખર મને તો એમ થાય છે કે બાળકોને સાથે લઈને આવ્યાં હોત તો દાદાનો રોમાંચ એમનો થઈ જાત.' (પૃ. ૧૪૧)

પ્રવાસલેખકે પત્રોમાં ઉપર/નીચે લખ્યાતારીખ મૂકવાની આવશ્યકતા હતી. તો સમયસંદર્ભ સ્પષ્ટ થાત.

લેખકે શિશુસહજ મુગ્ધતાથી પ્રવાસનું આલેખન કર્યું છે તેથી વિસ્મય અને આનંદનું મધુર પર્વ રચાયું છે.